


આશા + ઉમંગ + વિશ્વાસ = ૨૦૨૧

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૧ | ૧ જાન્યુઆરી, ૨૦૨૧, શુક્રવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## આવતીકાલથી દેશના તમામ રાજ્યોમાં વેક્સિનની ડ્રાય રન

**દેશમાં કોરોનાના રસીકરણને લઈને જોરદાર તૈયારી : આ મહાઅભિયાનની વડાપ્રધાને પોતે જ માહિતી આપી, સ્વાસ્થ્ય મંત્રાલયની બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરાયો**

નવી દિલ્હી, તા. ૩૧

આજે વર્ષ ૨૦૨૦નો છેલ્લો દિવસ છે. દુનિયા એક ભયાનક વર્ષને ભુલાવીને ૨૦૨૧ને આવકારવા જઈ રહી છે. દુનિયા કોરોના મહામારીને ભૂલાવીને આગળ વધવા માંગે છે. જોકે બ્રિટનમાં મળી આવેલા કોરોના વાયરસના નવા સ્ટ્રેનથી લોકોમાં ફફડાટ જરૂર ફેલાયો છે. આ દરમિયાન ભારતમાં કોરોના વેક્સિનને લઈને પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વાતની જાણકારી આપી છે.

દેશમાં જીવલેણ વાયરસનો કહેર વચ્ચે નવા વર્ષની દસ્તક સાથે જ દેશમાં હવે કોરોના વેક્સિનની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભારત સરકાર દ્વારા ૨જી જાન્યુઆરીથી દેશના તમામ રાજ્યોમાં જીવલેણ કોરોના વેક્સિનની ડ્રાય રન યોજવામાં આવશે. આ એક મહાઅભિયાન હશે. સરકારના જણાવ્યા પ્રમાણે આખા ભારતમાં બે જાન્યુઆરીથી કોરોના વેક્સીનેશનની ડ્રાઈ રન

● અનુસંધાન પાન-૭ પર



## વિશ્વભરમાં નવા વર્ષની શાનદાર ઉજવણી

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં નવા વર્ષની ઉજવણી શરૂ થઈ ગઈ છે. રંગીન આતીશબાજી સાથે અહીં નવા વર્ષનું સ્વાગત કરવામાં આવ્યું છે. આ વર્ષ કોરોનાના ડરની વચ્ચે નવી આશા લઈને આવે એવું છે. ઘણા દેશોમાં પ્રતિબંધો સાથે નવા વર્ષની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દુનિયામાં નવા વર્ષનો સૂરજ સૌપ્રથમ ઓસ્ટ્રેલિયા નજીક આવેલા ટોંગા આઈલેન્ડ પર નવા વર્ષના સૂરજનાં કિરણો પથરાય છે. ત્યાર પછી ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં નવા વર્ષની ઉજવણી થાય છે અને સૌથી છેલ્લે બેકર આઈલેન્ડ પર નવા વર્ષના સૂરજનાં કિરણો પથરાશે.

## દેશમાં નવા સ્ટ્રેનના વધુ ૫ દર્દી સાથે આંક ૨૫ થયો

**કોરોનાના નવા સ્ટ્રેનના પાંચ પૈકીના ચાર કેસ દિલ્હીના, બુધવારે નવા કોરોના સ્ટ્રેનના વધુ ૧૪ દર્દીઓ મળ્યા હતા**

નવી દિલ્હી, તા. ૩૧

ભારતમાં બ્રિટનવાળા નવા કોરોના વાયરસના દર્દીઓમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના નવા સ્ટ્રેનના વધુ પાંચ દર્દીઓ મળ્યા છે. આ સાથે જ નવા કોરોના સ્ટ્રેનથી સંક્રમિતોનો આંક ૨૫ થઈ ગયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આ અંગે સત્તાવાર પુષ્ટી કરી છે. બુધવારે નવા કોરોના સ્ટેરનના વધુ ૧૪ દર્દીઓ મળી આવ્યા હતા. જેમાં દિલ્હીથી આંધ્ર પ્રદેશ ભાગી ગયેલી મહિલાનો પણ સમાવેશ થયો હતો.

કોરોના વાયરસના નવા સ્ટ્રેનના પાંચ પૈકીના ચાર કેસ દિલ્હીના છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીએ ચાર કેસની અને સીએસઆઈઆર-ઈન્સ્ટિટ્યૂટ ઓફ જીનોમિક્સ એડ એન્ટીગ્રેટિવ બાયોલોજીએ એક કેસની ખાતરી કરી છે. નવા કોરોનાના લક્ષણથી સંક્રમિત દર્દીઓને સરકારી આરોગ્ય સેવા સાથે ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

જીનોમ ક્રમ બાદ ભારતાં બ્રિટનવાળા કોરોના વાયરસના કુલ ૨૫ કેસો સામે આવ્યા છે. આરોગ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ

● અનુસંધાન પાન-૭ પર

# નવા વર્ષે નવો મંત્ર ‘દવા પણ, કડકાઈ પણ’ : મોદી

**વડાપ્રધાન મોદીએ રાજકોટમાં નિર્માણ પામનાર છૈંસ્જીની આધારશિલા રાખી : આયુષ્યમાન યોજનાથી દર વર્ષે ગરીબોના ૩૬૦૦ કરોડ રૂપિયા બચે છે, કોરોના રસીની તૈયારી અંતિમ ચરણોમાં, એઇમ્સથી ૫ હજાર રોજગારી ઊભી થશે**

ગાંધીનગર,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકોટમાં નિર્માણ પામનારી AIIMS હોસ્પિટલનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કર્યું છે. ખંઢેરી પાસે ૧૧૯૫ કરોડના ખર્ચે વિશાળ હોસ્પિટલ નિર્માણ પામવાની છે. રાજયના મુખ્યમંત્રી વિજય રુપાણીએ જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં વિશાળ હોસ્પિટલનું નિર્માણ થઈ જશે. વડાપ્રધાન મોદીએ ૨૦૨૦ તકલીફોથી ભરેલું રહ્યું હોવાની વાત કરી અને ૨૦૨૧માં આશાઓ દેખાઈ રહી હોવાની વાત કરી. તેમણે કહ્યું કે, ભારતમાં રસી આવતા વાર નહીં લાગે પણ દવા આવ્યા પછી પણ સુરક્ષાનું પાલન કરવા લોકોને સૂચન કર્યું છે. વેક્સીનને લઈને ચાલતી અફવાઓથી દૂર રહેવાની પણ મોદીએ સલાહ આપી છે.

ભારતમાં કોરોના વેક્સીન માટે ચાલી રહેલી અંતિમ તૈયારી અંગે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "વેક્સીનને લઈને ભારતમાં તમામ જરુરી તૈયારીઓ ચાલી રહી છે. ભારતમાં બનેલી વેક્સીન ઝડપથી તમામ જરુરી વર્ગ સુધી પહોંચાડાશે, તેના માટેની તમામ કોશિશો અંતિમ તબક્કામાં છે. દુનિયાના સૌથી મોટા રસીકરણ અભિયાન માટે ભારતમાં પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



## કે. સીવન વધુ એક વર્ષ સુધી ઈસરોના ચીફ રહેશે

નવી દિલ્હી,તા.૩૧

અંતરિક્ષ વિભાગના સચિવ કે.સિવનનો કાર્યકાળ ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ સુધી વધારવામાં આવ્યો છે. મિનિસ્ટ્રી ઓફ પર્સોનેલ તરફથી બુધવારે જાહેર કરેલા એક આદેશમાં જાણકારી આપવામાં આવી છે. મંત્રીમંડળની નિયુક્તિ સમિતિએ અંતરિક્ષ વિભાગના સચિવ અને અંતરિક્ષ આયોગના અધ્યક્ષ સિવનનો કાર્યકાળ એક વર્ષ વધારવાની મંજૂરી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## આજે બે સ્વદેશી કોરોના વેક્સિનને મંજુરી આપવામાં આવી શકે છે

**શરુઆતમાં માત્ર ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવશે : કોરોના સંબંધિત વિશેષ સમિતિ દ્વારા સીરમ ઈન્સ્ટિટ્યિટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકની રસીને ઉપયોગમાં લેવા અંગે ચર્ચા વિચારણા ચાલી રહી છે**

નવી દિલ્હી,તા.૩૧

ભારતમાં કોરોના વેક્સીનના ઉપયોગને લઈને થયેલી બેઠકમાં હજુ સુધી નિર્ણય નથી લેવાયો. કોરોના વેક્સીનને મંજૂરી માટે બનાવાયેલા બબ્જેક્ટ એક્સપર્ટ કમિટીની પહેલી બેઠક ૧ જાન્યુઆરીએ બોલાવાઈ છે. માનવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં ઓછામાં ઓછી બે વેક્સીનને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી શકે છે. મંગળવારે થયેલી બેઠકમાં કોરોના સંબંધિત વિશેષ સમિતીએ સીરમ ઈન્સ્ટિટ્યિટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકની રસીને ઉપયોગમાં લેવા અંગે ચર્ચા વિચારણા ચાલી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ વેક્સીનના ઈમર્જન્સી ઉપયોગને મંજૂરી આપવા સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, ફાઈઝર અને ભારત બાયોટેક પ્રોજેક્ટ લિમિટેડના આગ્રહ પર વિચાર કરવા માટે બેઠક કરી હતી. જેના પર સમિતિ ૧ જાન્યુઆરીએ ફરી બેઠક કરશે. કેન્દ્રીય સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનની સબ્જેક્ટ કમિટીની બેઠક પછી જણાવાયું કે ફાઈઝર, સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકની વેક્સીનને મંજૂરી આપવા માટે વધારે ડેટાની જરુર છે, કમિટીએ ફાઈઝર અને SII પાસે વધારે ડેટા માગ્યો છે. જ્યારે ફાઈઝરે વધારે સમય માગ્યો છે. કહેવાય છે કે એક જાન્યુઆરીએ થનારી બેઠકમાં સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડને મંજૂરી આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

## દેશનું બાકી દેવું ૫.૬ ટકા વધીને ૧૦૭.૦૪ લાખ કરોડને પાર

**જૂન ક્વાર્ટરના અંતે સરકારનું જાહેર દેવું ૧૦૧.૩ લાખ કરોડ હતું જે સપ્ટેમ્બરમાં વધીને ૧૦૭.૪ લાખ કરોડને પાર થયું**

ન્યુ દિલ્હી,તા.૩૧

ભારત સરકારના ઋણબોજમાં સતત વધારો થતા તે દેવા ડુંગળ તળે દબાઈ રહી છે. જાહેર ઋણબોજના સત્તાવાર આંકડા મુજબ ભારત સરકારનું બાકી જાહેર દેવું પૂરા થયેલા સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૨૦ના અંતે ૫.૬ ટકા વધીને ૧૦૭.૦૪ લાખ કરોડને આંબી ગયુ છે. જ્યારે જૂન ક્વાર્ટરના અંતે સરકારનું જાહેર દેવુ ૧૦૧.૩ લાખ કરોડ રૂપિયા નોંધાયુ હતુ. ભારતના જાહેર ઋણબોજમાં ત્રિમાસિક ધોરણે ૫.૬ ટકાનો વધારોએ કોરોના મહામારીના કટોકટી દરમિયાન આરોગ્ય સેવાઓ પાછલ ઉંચા ખર્ચ અને વેરાકીય આવક ઓછી રહેવા છતાં વધેલા સરકારી ખર્ચને આભારી છે. જે સરકારી આવક દબાણ હેઠળ હોવાનું પ્રતિબિબં પાડે છે. જાહેર દેવા વ્યવસ્થાના તાજેતરના ત્રિમાસિક રિપોર્ટ મુજબ સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૨૦ના અંતે કુલ બાકી જવાબદારીઓમાં જાહેર દેવાનો હિસ્સો ૯૧.૧ ટકા જેટલો હતો. રિપોર્ટમાં જણાવ્યા મુજબ ડેટ જામીનગીરીઓના પ્રાયમરી ઈશ્યૂ ઉપર સરેરાશ વેઈટેજ યિલ્ડ જે ચાલુ નાણાંકીય

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- સીબીએસસી બોર્ડની ધો-૧૦-૧૨ની પરીક્ષા ૪થી મેથી શરૂ થશે. ૧૦મી જૂને પુરી થશે. ૧૫મી જુલાઈએ પરિણામ.
- પ્રોવીડન્ટ ફંડની રકમ પર ૮.૫ ટકા વ્યાજ અપાશે.
- અમદાવાદ જમાલપુરમાં નવા વર્ષને આવકારતો ૩૧ ફૂટનો પતંગ ઉડાડવામાં આવ્યો.
- ફાસ્ટ ટેગ માટે ૧૫મી ફેબ્રુઆરી અંતિમ તારીખ રહેશે.
- વિશ્વમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૮૦૦ના કોરોનાથી મોત અને એક જ દિવસમાં ૭ લાખ ૧૯ હજાર નવા કેસ.
- રીલાયન્સ જીઓના ગ્રાહકોને ૧લી જાન્યુઆરીથી ફ્રી વોઈસ કોલ મળશે.
- વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ દંડક દિનકર દેસાઈનું નિધન.
- કેરળ વિધાનસભામાં કૃષિ કાયદા સામે પ્રસ્તાવ પસાર કરાયો.
- દેશમાં નવા કોરોના સ્ટ્રેઈનથી સંખ્યા ૨૫ પર પહોંચી.
- દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને ચૂંટણી લડવા હાઈકોર્ટે મંજુરી આપી.
- અમદાવાદ રેલવે સ્ટેશને ૧ કરોડ ૪૪ લાખની નકલી ચલણી નોટો પકડાઈ.
- સૂરતમાં કોરોનાના નવા સ્ટ્રેઈનનો પહેલો કેસ નોંધાયો.
- ભારતીય ક્રિકેટર અઝરુદ્દીનને રાજસ્થાનમાં અકસ્માત નડયો.


બીજા વર્ષમાં મંગલ પ્રવેશ



ડો. જૈમિન દવે
M.D., DIVB (Cardiology)
Army Hospital R&R Delhi

સેવાઓ : SMVS ગાંધીનગર, એપિક હોસ્પિટલ, અમદાવાદ

AAROGYAM
PATHOLOGY LABORATORY & HEART CARE CLINIC

: ઉપલબ્ધ સેવાઓ :
ECG, 2D ECHO અને દરેક પ્રકારના લોહી તપાસ

For Appoinment ૨૪ કલાક - ક્લીનીક

શોપ નંબર - ૨ અને ૩, શ્રીજી આઈકોન, શિવાલય ફ્લેટ્સની પાછળ, કુડાસણ, ગાંધીનગર.
મો. ૯૮૭૯૮ ૩૦૯૫૫, ૯૮૭૯૮ ૫૩૪૫૮

વ્હાલા પશુપાલકો તથા ગ્રાહક મિત્રો... આપ સર્વેને વર્ષ ૨૦૨૧ની શુભેચ્છાઓ...

